# Day to Day Current Affairs

## 26.JAN 2016

### ૧. પ્રજાસત્તાક દિન :

- 67માં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી ગીર સોમનાથ જિલ્લામાં થઈ હતી.
- વેરાવળ ખાતે રાજ્યપાલ ઓ.પી.કોહલીએ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની ઉપસ્થિતીમાં તિરંગો લહેરાવીસલામી આપી હતી.
- વેરાવળ ખાતે રાજ્યકક્ષાની ઉજવણીમાં પરેડ, અશ્વશો, બાઈક સ્ટંટ, ડોગ શો અને સાસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.
- આ પ્રસંગે મુખ્યમંત્રી આનંદી બેન પટેલે રાજ્યભરની તમામ 3 કરોડથી વધુ મહિલાઓને કેન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ વગેરે રોગની દવાઓ અને ઓપરેશન સહીતની તમામ સારવાર નિ:શુલ્ક આપવા જાહેરાત કરી હતી.
- તેમજ મુખ્યમંત્રી દ્વારા આ પ્રજાસતાક દિનના દિવસે દરેક ગામની સ્કુલમાં ગામની સૌથી વધુ ભણેલી દિકરીના હસ્તે ધ્વજવંદન કરવાનુ સુચન કર્યું હતુ.
- તેમજ મુખ્યમંત્રીએ વેરાવળના ચોપાટી મેદાન ખાતે યોજાયેલા સાગરખેડુ સમેલનમાં 122 કરોડના ખર્ચે સૌરાષ્ટ્રના 5 બંદરોનુ નવિનીકરણ કરવાની જાહેરાત કરી હતી જેમા વેરાવળ, પોરબંદર, માઢવાડ, સુત્રાપાડા અને નવીબંદરનો સમાવેશ થાય છે.
- મુખ્યમંત્રીએ સોમનાથ મહાદેવની પુજા કરી હતી તેમજ સોમનાથ ટ્રસ્ટ તરફથી તેમને મહાદેવની તસવીર ભેટમાં આપવામાં આવી હતી.
- 122 કરોડના ખર્ચે બંદરનું નવિનીકરણ થશે જેનું મુખ્યમંત્રીએ ખાતમુહૂર્ત કર્યું હતુ.

### ૨. પ્રજાસતાક દિનની કેન્દ્ર સરકારની ઉજવણી :

- 67માં પ્રજાસતાક દિનની કેન્દ્ર સરકારની ઉજવણી દિલ્હી ખાતે થઈ હતી.
- આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ફ્રાંસના પ્રમુખ ફ્રેંકોઈસ ઓલાન્દે ત્રણ દિવસની ભારત મુલાકાતે આવ્યા હતા.
- આ પ્રવાસ દરમિયાન ભારત અને ફ્રાંસ વચ્ચે 36 રફાલ યુધ્ધ વિમાન ખરીદવા સહીત 14 કરારો પર હસ્તાક્ષર થયા હતા.
- તેમજ ફ્રાંસની કંપનીઓ મેક ઈન ઈન્ડિયાને વેગ આપવા આગામી પાંચ વર્ષમાં ઔધોગીક ક્ષેત્રે 10 અબજ ડોલરનું રોકાણ કરશે.
- ફ્રાંસ અંબાલા અને લુધીયાણાના રેલવે સ્ટેશનોનુ આધુનિકરણ કરશે અને ફ્રાંસની કંપની ટ્રેનના 800 ઈલેક્ટ્રિક એન્જિન ભારતમાં બનાવાશે.

### ૩. પદ્મ એવોર્ડ વિજેતા :

- પ્રજાસતાક દિનની સંધ્યાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ 112 વ્યક્તિઓને પદ્મ વિભૂષણ, 19 પદ્મભૂષણ અને 83 પદ્મ શ્રીનો સમાવેશ થાય છે.
- આ પૈકી 10 વ્યક્તિઓ વિદેશી છે, 19 મહિલાઓ છે અને 4 મહાનુભાવોને મરણોપરાંત પદ્મ એવોર્ડથી નવાજવમાં આવશે.
- પદ્મ એવોર્ડ મેળવનારા ગુજરાતી :
- આ વર્ષે પાંચ ગુજરાતી મહાનુભાવોને તેમના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન માટે ઓઅદ્મ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

1) ધીરુભાઈ અંબાણી : પદ્મ વિભૂષણ

- દેશની જાણીતી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સંસ્થાપક સ્વ. ધીરુભાઇ અંબાણીને મરણોપરાંત પદ્મ વિભૂષણ એનાયત થશે
- તેમને ઔધોગીક ક્ષેત્રે ક્રાંતી લાવવા બદલ આ પુરસ્કારથી સન્માનીત કરાયા છે.

2) ભીખુદાન ગઢવી : પદ્મ શ્રી

- જુનાગઢના જાણીતા લોક ગાયક, વાર્તાકાર અને ચારણી સાહિત્યને જીવંત રાખતા ભીખુદાન ગઢવીને પદ્મ શ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

3) ડૉ. સુધીરભાઈ શાહ : પદ્મ શ્રી

- અમદાવાદના જાણીતા ન્યુરોલોજિસ્ટ સુધીરભાઈ શાહને તબિબિ ક્ષેત્રે પદ્મ શ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

4) દિલીપભાઈ સંઘવી : પદ્મ શ્રી

- દવાના ઉદ્યોગમાં નાના પાયેથી શરૂઆત કરી વિશાળ સામ્રાજ્ય ઉભુ કરવા બદલ દિલીપ સંઘવીને પદ્મ શ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

5) ડાહ્યાભાઇ શાસ્ત્રી : પદ્મ શ્રી

- સંસ્કૃતના વિદ્વાન એવા ડાહ્યાભાઇ શાસ્ત્રીને પદ્મ શ્રી પુરસ્કારથી નવાજવામાં આવ્યા.
- તેઓ પદ્મ શ્રી સંસ્કાર ધામ નડિયાદના સંસ્થાપક તથા સ્વાધ્યાય મંડળ કિલ્લા પારડીના અધ્યક્ષ અને વિશ્વ હિંદુ પરિષદના સંરક્ષક છે.
- તેમને રાજ્યપાલ શ્રી ના હસ્તે ગ્લોરી ઓફ ગુજરાત – 2015 એવોર્ડ એનાયત થયેલ છે.

- મરણોપરાંત પદ્મ પુરસ્કાર વિજેતા :

1) ધીરુભાઈ અંબાણી – પદ્મ વિભૂષણ
2) સ્વામી દયાનંદ – પદ્મ ભુષણ
3) પ્રકાશ સુરાણા – પદ્મ શ્રી
4) સઈદ જાફરી - પદ્મ શ્રી

### ૪. પદ્મારાણી – અભિનેત્રી :


Vivekanand Academy, Gandhinagar

- પુણેના મહારાષ્ટ્રીયન કુટુંબમાં જન્મેલા અને વડોદરામાં ઉછરેલા ગુજરાતી તખ્તાના ધુરંધર કલાકાર પદ્મરાણીનું 25 જાન્યુઆરીના રોજ અવસાન.
- તેમના જન્મદિવસે જ તમનું અવસાન થયુ.
- તેમનો જન્મ 25 જાન્યુઆરી, 1937ના રોજ થયો હતો.
- નાટકની સાથે ફિલ્મમાં પણ અભિનય કરતાં પદ્મારાણીને નાટકો પ્રત્યે ખુબ જ લગાવ હતો.
- તેમના પ્રખ્યાત નાટકો :
  'બા રિટાયર થાય છે', 'બા એ મારી બાઉન્ડ્રી', ફાઈવ સ્ટાર આન્ટી', 'કેવડાના ડંખ', 'પ્રેમ કરતાં પંકચર પડયું', 'સપ્તપદી', 'ચંદરવો'.
- 1961 માં આવેલી નરસૈયાની હુંડી ફિલ્મથી તેમણે ફિલ્મી કારકીર્દીની શરૂઆત કરી હતી.
- આ ઉપરાંત તેમણે કવિ કલાપીના પત્નિ રમાની ભૂમિકા ભજવી હતી.

## પ્રશ્નો

૧. 26 જાન્યુઆરીનું મહત્વ...? – પ્રજાસતાક દિન

૨. પ્રજાસતાક દિનના આ વખતનો ક્રમ જણાવો... 67

૩. રાજ્યકક્ષાના 67માં પ્રજાસતાક દિનની ઉજવણી ક્યાં જિલ્લામાં થઈ હતી ? - ગીર સોમનાથ

૪. 26મી જાન્યુઆરીના દિવસે મુખ્યમંત્રીએ મહિલાઓ માટે કઈ અગત્યની જાહેરાત કરી ? – ગુજરાતની તમામ મહિલાઓને ગંભીર રોગમાં નિ:શુલ્ક દવા અને સારવાર.

૫. પ્રજાસતાક દિને મુખ્યમંત્રી એ સૌરાષ્ટ્રના કેટલા બંદરોનું નવિનીકરણ કરવાની જાહેરાત કરી ? ક્યાં – ક્યાં? – પાંચ ૧. પોરબંદર ૨. માઢવાડ ૩.સુત્રાપાડા ૪. વેરાવળ ૫. નવીબંદર

૬. સૌરાષ્ટ્રના પાંચ બંદરોના નવિનીકરણમાં અંદાજીત કેટલો ખર્ચ થશે ? – 122 કરોડ

૭. પ્રજાસતાક દિન નિમિતે દિલ્હી ખાતે મુખ્ય અતિથિ કોણ હતા ? – ફ્રેન્કોઈસ ઓલાન્દે, ફ્રાંસ પ્રમુખ

૮. ફ્રાસ – ભારત વચ્ચે કેટલા સમજુતી કરાર થયા ? – 14

૯. ફ્રાંસ ભારતના ક્યાં બે રેલવે સ્ટેશનોનું આધુનિકરણ કરશે? – અંબાલા અને લુધીયાણા

૧૦. ભારત ફ્રાંસ પાસેથી કેટલા રફાલ યુધ્ધ વિમાન ખરીદશે? – 36

૧૧. વર્ષ – 2016 માં કેટલા મહાનુંભાવોને પદ્મ એવોર્ડથી સન્માનીત કરાશે ? – 112

૧૨. 112 પદ્મ એવોર્ડ પૈકી કેટલા એવોર્ડ મરણોપરાંત છે? – 4

૧૩. 2016 પદ્મ વિભુષણ એવોર્ડ વિજેતા ? – 10

૧૪. 2016 પદ્મ ભુષણ એવોર્ડ વિજેતા ? – 19

૧૫. 2016 પદ્મ શ્રી એવોર્ડ વિજેતા ? – 83

૧૬. વર્ષ 2016માં કેટલા ગુજરાતીઓને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા ? – 5

૧૭. ક્યાં ગુજરાતી ઉદ્યોગપતિને મરણપરાંત પદ્મ વિભુષણ એનાયત થયો ? – ધીરૂભાઈ અંબાણી

૧૮. ગુજરાતના ક્યાં લોકસાહિત્યકારને પદ્મ શ્રી એવોર્ડ એનાયત થયો ? – ભીખુદાન ગઢવી.

૧૯. પદ્માારાણીનું ક્ષેત્ર જણાવો... અભિનય

૨૦. પ્રખ્યાત અભિનેત્રી પદ્મારાણીની પ્રથમ ફિલ્મ ? – નરસૈયાની હુંડી.

Vivekanand Academy, Gandhinagar